વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી

# નવસારી કૃષિ યુનિવર્સિટી

એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦

---

વંચાણેઃ (૧) અત્રેની કચેરીના પરિપત્ર જા.નં.નકૃયુ/વિશિનિ/ડી–૧/વેબ–૪૮/૨૦૧૯ નવસારી તા. ૦૨/૧૨/૨૦૧૯
(૨) નિયામકશ્રી, સમેટી અને સ્ટેટ નોડલ ઓફિસર, આત્મા, ગાંધીનગરની કચેરીના પત્ર જા.નં.જીઓજી/ આત્મા/ ૩૩૫૨–૫૬/૨૦૨૦ તા.૨૪/૦૧/૨૦૨૦

## પરિપત્ર

**SPNFની તાલીમ લીધેલ યુનિવર્સિટીના ૫૦ માસ્ટર ટ્રેનર કૃષિ વૈજ્ઞાનિકોએ એક દિવસીય તાલીમ વર્કશોપમાં ભાગ લેવા બાબત...**

જયભારત સહ જણાવવાનું કે, અગાઉ તા. ૫ થી ૧૧ ડીસેમ્બર, ૨૦૧૯ દરમ્યાન આયોજીત થયેલ "સુભાષ પાલેકર પ્રાકૃતિક ખેતી" (SPNF)ની તાલીમ લીધેલ દક્ષિણ ગુજરાતના ૪૦૦૦ જેટલા ખેડૂતો અને નવસારી કૃષિ યુનિવર્સિટીના ૫૦ કૃષિ વૈજ્ઞાનિકો એમ કુલ ૪૦૫૦ માસ્ટર ટ્રેનર્સ માટે માન. રાજયપાલશ્રીના અધ્યક્ષસ્થાને તા.૦૯/૦૨/૨૦૨૦ના રોજ સવારે ૯.૦૦ કલાકે જીમખાના મેદાન, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે એક દિવસીય તાલીમ વર્કશોપનું આયોજન કરવામાં આવેલ છે.

રાજય સરકારશ્રીની સૂચનાનુસાર વડતાલ ખાતે અથવા જિલ્લાના સ્થળે લાઈવ તાલીમ કાર્યક્રમમાં હાજર રહીને SPNFની તાલીમ લીધેલ નવસારી કૃષિ યુનિવર્સિટીના કુલ ૫૦ કૃષિ વૈજ્ઞાનિકો (માસ્ટર ટ્રેનર્સ)ને ઉપર્યુકત એક દિવસીય તાલીમ વર્કશોપમાં ભાગ લેવા જણાવવામાં આવે છે.

ઉપરોકત કાર્યાલય આદેશ માન.કુલપતિશ્રીની મંજુરી લઈને યુનિવર્સિટીના કામકાજના હિતમાં બહાર પાડવામાં આવે છે.

જા.નં. નકૃયુ/વિશિનિ/ટી–૧/વેબ–૬૭/૨૦૨૦
નવસારી તા.૦૩/૦૨/૨૦૨૦

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

<u>સવિનય રવાના પ્રતિ</u> :

૧. મા.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી
૨. સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, નકૃયુ, નવસારી
૩. યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ
૪. નિયામકશ્રી, સમેટી અને સ્ટેટ નોડેલ ઓફિસર, આત્મા, ગાંધીનગર

<u>જયભારત સહ રવાના પ્રતિ</u> :

૧. પ્રોજેકટ ડાયરેકટરશ્રી, આત્મા, નવસારી/તાપી/વલસાડ/ભરૂચ/ડાંગ/સુરત/નર્મદા તરફ જાણ થવા સારું.
૨. તા. ૫ થી ૧૧ ડીસેમ્બર, ૨૦૧૯ દરમ્યાન આયોજીત થયેલ SPNFની તાલીમ લીધેલ નવસારી કૃષિ યુનિવર્સિટીના કુલ ૫૦ માસ્ટર ટ્રેનર્સ કૃષિ વૈજ્ઞાનિકો તરફ જાણ તથા અમલ થવા સારું.
૩. માસ્ટર ટ્રેનર્સ કૃષિ વૈજ્ઞાનિકોની કચેરીઓના વડાઓ તરફ જાણ તથા ઘટતું થવા સારું.
૪. યુનિવર્સિટી હેઠળની તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાઓ તરફ જાણ તથા યોગ્ય થવા સારું.